ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ, રાજકોટના નવા બાંધકામ માટે રૂ.૭૯૦.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૦૨૦૧૯/૬૧૨૪૧૪/નબા/છ.
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ- ૧૨/૧૦/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૬૧૨૪૧૪/નબા/છ, તા.૨૦/૦૭/૨૦૨૦

(૨) સમાજ સુરક્ષા ખાતાની કચેરીના તા.૨૪/૦૬/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/૨૦૨૧-૨૨/૨૬૨

**પ્રસ્તાવનાઃ-**

નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ, રાજકોટની સંસ્થાને નવુ સંપુર્ણ સુવિધા સભર અત્યાધુનિક મકાન બનાવવા માટે વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧)થી રૂ.૧.૦૦ લાખની વહીવટી મંજુરી આપેલ હતી.

સદર વહીવટી મંજુરી અપુરતી હોઈ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૨)ના પત્રથી ઉકત મકાન બનાવવા માટે રૂ.૭૯૦.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ, રાજકોટના નવા અત્યાધુનિક મકાનના બાંધકામ માટે રૂ.૭૯૦.૦૦ લાખની (સાતસો નેવું લાખ પુરા)ની સુધારેલી વહીવટી મંજુરી વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧)માં ઉલ્લેખ કરેલ શરતોને આધિન આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.
માંગણી નં:- ૮૪
સેકટર-ખ- સામાજિક અને સમુહ સેવાઓના મુડી હિસાબ.

સબ સેક્ટર- (૭) સામાજિક કલ્યાણ અને પોષણ.
મુખ્ય સદર:- ૪૨૩૫- સામાજિક અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ.
મુખ્ય પેટા સદર-૨૦૧ પુન: સ્થાપન
ગૌણ સદર:- ૪૨- મકાનો
પેટા સદર:- મકાન (માર્ગ અને મકાન)
૫૩૦૦- મોટા કામ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૬-૦૯-૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત સરકારના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કરિશ્મા પટેલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) અને અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ભોયતળીયે, ડીં-૧, વિંગ બ્લોક નં.૨,કર્મયોગી ભવન, સેકટર-૧૦,ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડાં જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/રાજકોટ
- બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, રાજકોટ
- છ–૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ છ શાખાના ઠરાવોની યાદીમાંસમાવિષ્ટ કરવાની વિનંતી સાથે
- સિલેકટ ફાઇલ .